**CC NO 452/2026**

---

**નામદાર બીજા એડી ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ, પોરબંદર**

---

**ફોજદારી કેસ નંબર : ૪૫૨/૨૦૨૬**

**શ્રી સરકાર** .....**ફરીયાદી**

**-:: વિરૂધ્ધ ::-**

**(૧) પરબતભાઈ નાથાભાઈ ઓડેદરા ઉ.વ. ૪૨**
**રહે. રાતીયા ગામ, કોલ વિસ્તાર,જી.પોરબંદર**
**(૨) કારા પરબતભાઈ મોરી ઉ.વ. ૫૬**
**રહે. રાતીયા નેશ, થરી ફરીયું,જી.પોરબંદર** .....**આરોપીઓ**

| | |
|---|---|
| **ગુનો:** | **ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૦૯(૧),૧૦૩(૧), ૧૧૭(૨),૧૧૫(૨),૩૫૨,૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ** |

**-:: કમીટલ હુકમ ::-**

(૧) આ કામે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૦૯(૧),૧૦૩(૧),૧૧૭(૨),૧૧૫(૨),૩૫૨,૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો નોંધાયેલો છે. આ કેસમાં આરોપીઓ વિરૂધ્ધ જે તહોમત મુકવામાં આવેલ છે તે તહોમત સંબંધે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૦૮ ની જોગવાઈ જોતા, સદર ગુના સંબંધેની ઈન્સાફી કાર્યવાહી નામદાર સેશન્સ કોર્ટ દ્ધારા થવાને પાત્ર છે.આ સંજોગોમાં સદર કેસ ઈન્સાફી કરવા સારૂ નામદાર સેશન્સ કોર્ટ, પોરબંદર તરફ કમીટ કરી મોકલવા પાત્ર હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) સદર કેસ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૩૨ મુજબ ઈન્સાફી કાર્યવાહી કરવા સારૂ નામદાર સેશન્સ કોર્ટ,પોરબંદરને મોકલવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓને પોલીસ પેપર્સની નકલ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૩૦ ની જોગવાઈ મુજબ વિના મુલ્યે આપવામાં આવેલ છે. તેમજ આરોપીઓની આંક–૧૪,૧૫ થી પ્લી/જુબાની લેતા તેઓ ખાનગી વકીલ મારફત પોતાનો બચાવ કરવા માંગતા હોવાનું જણાવેલ છે.

(૩) આ કામે આરોપીઓને તા. ૦૬/૦૪/૨૦૨૬ ની મુદતે નામદાર સેશન્સ કોર્ટ, પોરબંદરમાં હાજર રહેવા સમજ કરેલ છે.

(૪) સદર કેસ કમીટ કર્યા સંબંધે જિલ્લા સરકારી વકીલશ્રી,પોરબંદરનાઓને જાણ કરવી. તેમજ સદર કેસનું રેકર્ડ તથા અન્ય પેપર્સ, તેમજ મુદામાલ અંગેની યાદી તૈયાર કરી તા.૦૬/૦૪/૨૦૨૬ પહેલા નામદાર સેશન્સ કોર્ટ, પોરબંદરને મોકલી આપવી.

(૫) આરોપીઓને પણ નામદાર સેશન્સ કોર્ટ, પોરબંદરમાં હવે પછીની મુદત તા.૦૬/૦૪/૨૦૨૬ ના રોજ હાજર રહેવાની જાણ કરવામાં આવેલ છે.

**હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.**

**તા :૨૩/૦૩/૨૦૨૬**
**સ્થળ : પોરબંદર**

**(કોમલ કુનાલ રાઠોડ)**
**બીજા એડી. ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ**
**પોરબંદર**
**GJ-01130**